RNI No.: GUJGUJ/2015/65690

ॐकार संप्रदाय
( धार्मिक - आध्यात्मिक पथ )

# ૐકાર સંપ્રદાય

## ધાર્મિક – આધ્યાત્મિક પથ

વર્ષ: ૦૯ | અંક: ૧૧ | મે - ૨૦૨૪ | કિંમત: ૧૦/-



# માનવમાંથી મહામાનવ બનવાની ક્રિયા

## સાધકમાંથી સિદ્ધ બનાવી દેનાર

## અતિશક્તિશાળી પ્રચંડ અને દુર્લભ શક્તિપાત એટલે

## ૐકાર ત્રિત્રાંશ ક્રિયાયોગ

**ભાગ-૧, ભાગ-૨**

આપની તકલીફો માંથી મુક્ત થવા માટે
આજે જ આ ક્રિયા યોગ માં જોડાઓ



ઈશ્વરીય શક્તિ અને ઊર્જાથી સિદ્ધ કરવામાં આવેલા ચક્રનો ઉપયોગ આપ સાધકોએ કેવી રીતે કરવો એ ક્રિયાયોગમાં શીખવાડવામાં આવશે.

**સંપર્ક સૂત્રઃ 9537220959, 9429208997**

ૐકાર संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

**ૐકાર સંપ્રદાય**
માસિક મેગેઝીન (પત્રિકા)

**સ્થાપક**
ૐકાર સંપ્રદાયના આર્ષદ્રષ્ટા અને સ્થાપક
મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી

**તંત્રી** કિંજલભાઈ શાહ
**સહતંત્રી** મિહિરભાઈ શાહ

**સંપર્કસૂત્ર**
ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ
સેવા સમર્પણ ફાઉન્ડેશન
Trust Reg. No.: E/18590/Ahmedabad
Under 80-G Tax Free (5313/09-10)

ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ
Trust Reg. No. : E/21646/Ahmedabad

સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી ચેરીટેબલ ટ્રસ્ટ
(Trust Reg. No. E/23428/Ahmedabad
CSR No: CSR00045126 | 80G: ABDTS5377GF20221)
૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર , આંગી એપાર્ટમેન્ટ,
અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ ની સામે,
નવા વિકાસ ગૃહ રોડ, પાલડી,
અમદાવાદ - ૩૮૦૦૦૭.

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

મોબાઈલ નંબર - ૮૭૫૮૯૯૯૨૯૭,
૯૪૨૯૨૦૮૯૯૭, ૯૩૭૬૩૩૪૨૮૯

**મુદ્રક**
પ્રિન્ટ વિઝન પ્રા. લી.
આંબાવાડી બજાર, અમદાવાદ - ૬
ફોન નં - (૦૭૯) ૨૬૪૦૫૨૦૦

મે -૨૦૨૪ | પાના નં: ૨૪
વર્ષ: ૦૯ | અંક: ૧૧
કિંમતરૂ.: ૧૦/-

# તંત્રી સ્થાનેથી...



પ્રિય ભક્તજનો,

ૐકાર સંપ્રદાય મેગેઝિન મંત્ર અને સાધનાનું એવું માધ્યમ બન્યું છે કે જેમાં આપવામાં આવતા સિદ્ધ મંત્રો અને સાધનાઓ મનુષ્ય જો શ્રદ્ધાપૂર્વક કરે તો એનું ચમત્કારિક ફળ સાધકને અવશ્ય પ્રાપ્ત થાય છે.

આ અમૂલ્ય મેગેઝિનના સભ્ય ન હોય તો લવાજમ ભરીને સભ્ય બનવાનો લ્હાવો અચૂક લેવો. જેથી દર મહિને ગુરુજી દ્વારા આપવામાં આવતા કાર્યસિદ્ધિ માટેના પવિત્ર શબ્દો, મંત્રો, સાધનાઓ, સટિક પ્રયોગો વગેરે આપ નિયમિત કરીને આપના જીવનના સંકટમાંથી-સમસ્યાઓમાંથી મુક્તિ મેળવી શકો.

ગુરુજીએ રચિત કરેલ એક ગઝલરચના 'સ્મરણ' અહીં હું આપની સમક્ષ રજૂ કરી રહ્યો છું.

## 'સ્મરણ'

ઝખ્મો મીઠી જુબાનથી કડવા કર્યા હતા,
એની ઉપર મજાના ફૂલો ચીતર્યા હતા ;
રોઇ રહ્યું હતું કોઇક મોડી રાતના,
એથી જ આભમાંથી સિતારા ખર્યા હતા ;
પાકી ખબર હતી કે ઝેર છે જ દંશમાં,
તો પણ ફૂલો કદી ક્યાં ભ્રમરથી ડર્યા હતા ;
આજે હયાતી મારી બહુ મ્હેક મ્હેક છે,
આજે સ્મરણ મજાના મને સાંભર્યા હતા ;
વહેલી સવારે સૂર્યકિરણ સ્પર્શતી વખતે,
પાણી ઉપર મજાના દૃશ્ય તરવર્યા હતા ;
અમને તો ૐઋષિ એનો ખ્યાલ પણ નથી,
ક્યારે આ સ્વપ્ન જન્મીને ક્યારે મર્યા હતા ?

ૐકાર સંપ્રદાય મેગેઝિનમાં આવતા મંત્રો તેમજ દિવ્ય સાધનાઓ દ્વારા આપ સૌના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવે તેવી પ.પૂ. સદ્‌ગુરુ ૐઋષિના શ્રીચરણોમાં અભ્યર્થના સાથે ૐ નમઃ...

ૐકાર સેવાદળમાં નામ નોંધાવવા માટે મોબાઈલ નંબર 9429208997 પર સંપર્ક કરવો.

તંત્રી,
કિંજલભાઈ શાહ

|| ૐ નમઃ ||

# શનિ જયંતી



## ભગવાન શનિદેવની કૃપા અને આશીર્વાદ પ્રાપ્ત કરવા માટે શનિ જયંતીથી કરવાની ચમત્કારિક મંત્રસાધના

**આ વખતે શનિ જયંતીની તારીખ : ૦૬-૦૬-૨૦૨૪, ગુરુવારના રોજ છે.**

### શનિ જયંતીના દિવસથી કરવાની મંત્રસાધના

શનિ જયંતીના પાવન દિવસથી ભગવાન શનિદેવની કૃપા અને આશીર્વાદ પ્રાપ્ત કરવા માટે આજે હું આપને ૮૧ દિવસની મંત્રસાધના આપી રહ્યો છું.

સૌપ્રથમ લાકડાનું એક બાજઠ લેવું. એના ઉપર વાદળી કલરનું વસ્ત્ર પાથરવું. ત્યારબાદ નીચે આપેલ ૐ શ્રી શનિદેવ કૃપા ચક્રનું કટીંગ કરી લેમીનેશન કરાવી સ્થાપનમાં મુકવું. ત્યારબાદ એક મુઠ્ઠી કાળા તલની ઢગલી કરવી અને એની બરાબર બાજુમાં લોખંડની સાત ખીલી મુકવી તેમજ બે આખા અખરોટ અને દસ રૂપિયાની નોટ સ્થાપનમાં મુકવી. ત્યારબાદ નીચે આપેલા મંત્રની રોજ એક માળા કુલ ૮૧ દિવસ સુધી કરવી. સાધનાની શરૂઆત કરતા પહેલા શનિદેવની કૃપા આપના પર વરસે એવી પ્રાર્થના કરી પછી નીચે આપેલ મંત્રની એક માળા કરવી અને ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કરવો.

| | | |
|---|---|---|
| **સાધના કેટલા દિવસ કરવી?** | : | આ સાધના ૮૧ દિવસ કરવી. વચ્ચે કોઈ કારણસર દિવસ પડે તો ચિંતા ન કરતા કુલ ૮૧ દિવસ ગણીને સાધના પૂર્ણ કરવી. |
| **સાધના કરવાનો સમય** | : | આખા દિવસમાં ગમે ત્યારે કરી શકાય. |



Advt.

**સ્થાપન કરવાનો સમય** : શનિ જયંતીના દિવસે સવારે ૭ થી ૧૧ માં સ્થાપન કરવું.

**કયા કલરનું વસ્ત્ર પહેરવું?** : કોઈપણ કલરનું વસ્ત્ર પહેરીને ખભા પર કાળો ખેસ રાખીને આ સાધના કરવી.

સાધના પૂર્ણ થયા બાદ સ્થાપનમાં મુકેલી વસ્તુઓ નદીમાં વિસર્જિત કરી દેવી અને દસ રૂપિયાની નોટ પાકીટમાં અથવા કબાટમાં મુકી રાખવી.

**મંત્ર : ॥ ૐ શનિત્યાની શનિત્યાની ઊર્જાષુ શક્તિ નમઃ ॥**

આ સાધનાથી આપને અને આપના પરિવારને અવશ્ય લાભ થશે. એક જ સ્થાપન પર ઘરના અન્ય સભ્યો પણ આ સાધના કરવી હોય તો કરી શકે છે.

## ૐ શ્રી શનિદેવ કૃપા ચક્ર

| | | |
|---|---|---|
| ॥ ॐ शनिदेवः॥ | ॥ ॐ शनिल्याः॥ | ॥ ॐ शनित्याः॥ |
| ॥ ॐ रक्षामीः॥ | ॥ ॐ रक्षालीः॥ | ॥ ॐ रक्षातीः॥ |
| ॥ ३२३ ॥ | ॥ ६११ ॥ | ॥ ४१३ ॥ |




# ગાયત્રી માતાની કૃપા પ્રાપ્ત કરી આપના જીવનને સફળ બનાવવા માટે ગાયત્રી જયંતીના પાવન દિવસથી કરવાની ચમત્કારિક મંત્રસાધના

ગાયત્રી જયંતી જેઠ મહિનાની શુક્લ પક્ષની એકાદશીના દિવસે મનાવવામાં આવે છે અને આ દિવસે માતા ગાયત્રીનું અવતરણ થયું હતું. ધર્મશાસ્ત્રોમાં માતા ગાયત્રીને વેદમાતાના નામથી ઓળખવામાં આવે છે. માતા ગાયત્રીને દેવી પાર્વતી, દેવી સરસ્વતી અને દેવી લક્ષ્મીજીના સંયુક્ત અવતાર માનવામાં આવે છે.

માતા ગાયત્રીની મંત્રસાધના કરવાથી ઘરમાં સુખ-સમૃદ્ધિ અને માનસિક શાંતિ સ્થપાય છે, આધ્યાત્મિક જાગૃતિ થાય છે, જ્ઞાનમાં વૃદ્ધિ થાય છે, શત્રુઓથી મુક્ત રહેવાય છે તેમજ પરિવારમાં એકતા બની રહે છે.

માતા ગાયત્રીને વેદોનો સાર કહેવામાં આવે છે. બ્રહ્માજી દ્વારા માતા ગાયત્રીની ઉત્પત્તિ થઈ હતી. આ સૃષ્ટિ પર જ્ઞાન-ચૈતન્ય એ ગાયત્રીના સ્વરૂપ છે. શાસ્ત્રો અનુસાર આ સૃષ્ટિના આરંભમાં બ્રહ્માજીના મુખથી ગાયત્રી મંત્ર પ્રગટ થયેલ અને માતા ગાયત્રીની કૃપાથી બ્રહ્માજીએ ગાયત્રી મંત્રની વ્યાખ્યા ચાર વેદોના રૂપમાં કરી હતી.

શરૂઆતમાં માતા ગાયત્રીની મહિમા દેવતાઓ સુધી જ હતી, પરંતુ જેવી રીતે ભગીરથ કઠોર તપ કરીને ગંગામૈયાને સ્વર્ગથી ધરતી ઉપર લઈ આવ્યા તેવી જ રીતે મહર્ષિ વિશ્વામિત્રએ કઠોર તપસ્યા કરીને ગાયત્રી મહિમા અર્થાત્ મંત્રને લોકો સુધી પહોંચાડ્યા. જો માતા ગાયત્રીને મંત્રસાધનાથી સિદ્ધ કરવામાં આવે તો એ કામધેનુ (ઈચ્છા પૂરી કરવાવાળી દૈવીય ગાય) સમાન છે. જેમ ગંગા શરીરના પાપોને ધોઈને તન-મનથી નિર્મળ કરે છે તેવી જ રીતે ગાયત્રીરૂપી બ્રહ્મ ગંગાથી આત્મા પવિત્ર બને છે.

આજે હું આપને માતા ગાયત્રીની કરવાની એક દિવ્ય મંત્રસાધના આપવા જઈ રહ્યો છું. જે આપ ગાયત્રી જયંતીના દિવસથી અચૂક શરૂ કરજો.



॥ ૐ નમઃ ॥

## ગાયત્રી જયંતીના પાવન દિવસથી ગાયત્રી માતાની મંત્રસાધના કરવાની માહિતી

### આ વખતે ગાયત્રી જયંતી તારીખ : ૧૭-૬-૨૦૨૪, સોમવારના રોજ છે.

ગાયત્રી જયંતીના પાવન દિવસથી માતા ગાયત્રીની આરાધના કરવા માટે આજે હું આપને ૩૬ દિવસની મંત્રસાધના આપી રહ્યો છું.

સૌપ્રથમ લાકડાનો એક બાજઠ અથવા પાટલો લેવો. એના ઉપર લીલા કલરનું વસ્ત્ર પાથરવું. ત્યારબાદ એ વસ્ત્ર ઉપર એક મુઠ્ઠી ચોખાની ઢગલી કરવી અને સાત આખી સોપારી સ્થાપનમાં મુકવી. તે પછી નીચે આપેલ ૐ શ્રી ગાયત્રી કૃપા શક્તિ ચક્રનું કટીંગ કરી એનું લેમીનેશન કરાવી સ્થાપનમાં મુકવું. હવે નીચે આપેલ મંત્ર ૧૮ (અઢાર) વખત કરવો. ત્યારબાદ સદ્‌ગુરુ ૐઋષિ રચિત શ્રી નવદુર્ગા ચાલીસાનો પાઠ એકવાર કરવો. શ્રી નવદુર્ગા ચાલીસાની પુસ્તિકા ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ પરથી નિઃશુલ્ક પ્રાપ્ત થઈ શકશે.

**સાધના કેટલા દિવસ કરવી?** : આ સાધના ગાયત્રી જયંતીના દિવસથી શરૂ કરીને કુલ ૩૬ દિવસ કરવી. વચ્ચે કોઈ કારણસર દિવસ પડે તો ચિંતા ન કરતા કુલ ૩૬ દિવસ ગણીને આ સાધના પરિપૂર્ણ કરવી.

**સાધના કરવાનો સમય** : આખા દિવસમાં ગમે તે સમયે કરી શકાય.

**સ્થાપન કરવાનો સમય** : ગાયત્રી જયંતીના દિવસે સવારે ૭ થી ૧૧ વાગ્યા સુધીમાં સ્થાપન કરવું.

**કયા કલરનું વસ્ત્ર પહેરવું?** : કોઈપણ કલરનું વસ્ત્ર પહેરીને આ સાધના કરી શકાય.

**ઉત્થાપન કરવાનો સમય** : સાધના પરિપૂર્ણ થાય એના પછીના દિવસે સવારે ૭ થી ૧૧ વાગ્યા સુધીમાં ઉત્થાપન કરવું. સાધના પૂર્ણ થયા બાદ સ્થાપનમાં મુકેલ બધી વસ્તુઓ ચક્ર સાથે નદીમાં વિસર્જન કરી દેવી.

**એક જ સ્થાપન ઉપર ઘરના અન્ય સભ્યો પણ આ સાધના કરવી હોય તો કરી શકે છે.**

### મંત્ર : ॥ ૐ ગાયત્રીદેવી શક્તિતા શક્તિતા નમો નમઃ ॥

### ૐ શ્રી ગાયત્રી કૃપા શક્તિ ચક્ર

| | | |
|---|---|---|
| ॥ ૐ त्रुपादः॥ | ॥ ૐ वृपादः॥ | ॥ ૐ नृपादः॥ |
| ॥ ૐ वामदः॥ |  ૐ रक्षादः॥ | ॥ ૐ गायत्रीदेवीः॥ |
| ॥ ૐ त्रामदः॥ | ॥ ૐ सिद्धतादः॥ | ॥ ૐ शक्तिदेवी :॥ |



# નિર્જળા એકાદશી

## "સર્વે એકાદશીઓમાં સર્વશ્રેષ્ઠ એકાદશી એટલે નિર્જળા એકાદશી"

જેઠ માસની શુક્લપક્ષની એકાદશી નિર્જળા એકાદશી કહેવાય છે. આમ તો પૂરા વર્ષ દરમ્યાન ૨૪ એકાદશીઓ આવતી હોય છે પરંતુ, તેમાં નિર્જળા એકાદશીનું વિશેષ મહાત્મય રહેલું છે. નિર્જળા એકાદશીને જ ભીમસેની એકાદશી પણ કહેવામાં આવે છે. આજના આ કળિયુગમાં નિર્જળા એકાદશીનાં વ્રતને કામધેનું સમાન કહેવામાં આવ્યું છે જેવી રીતે નદીઓમાં ગંગા, તત્વમાં સુર્ય અને દેવતાઓમાં ભગવાન વિષ્ણુની પ્રધાનતા છે. તેવી જ રીતે વ્રતોમાં એકાદશી વ્રતની પ્રધાનતા છે. નિર્જળા એકાદશીનાં દિવસે ભગવાન શ્રીહરિ વિષ્ણુની પૂજા- આરાધના કરવામાં આવે છે. કહેવાય છે કે ભગવાન શ્રી વિષ્ણુને આ વ્રત સૌથી વધુ પ્રિય છે. નિર્જળા એકાદશીનું વ્રત કરવાથી પૂરા વર્ષ દરમ્યાન આવતી તમામ એકાદશીના વ્રત કર્યાનું ફળપ્રાપ્ત થાય છે.

નિર્જળા એકાદશીનાં વ્રત વિશે પદ્મ પુરાણોમાં એવી પૌરાણિક કથા છે કે.... કુંતી પુત્ર ભીમ માટે કોઈપણ વ્રત કરવું ખૂબ મુશ્કેલ હતું કારણ કે ભુખ્યા રહેવાનું તેના માટે શક્ય ન હતું. તે એકાદશીનું વ્રત રાખવા માંગતા હતા માટે તેમણે મહર્ષિ વેદવ્યાસજી અને ભિષ્મ પિતામહ પાસેથી માર્ગદર્શન લીધું. ભીમે કહ્યું કે મારાથી એકવાર ભોજન ગ્રહણ કરીને પણ વ્રત નહીં થઈ શકે. મારા ઉદરમાં 'બીક' નામની અગ્નિ હંમેશા પ્રજવલિત રહે છે. હું વર્ષમાં માત્ર એક જ ઉપવાસ રાખી શકુ છું જેનાથી સ્વર્ગની પ્રાપ્તિ સુલભ થાય

અને જેને કરવાથી કલ્યાણનો ભાગીદાર રહું. આ વાત સાંભળી વેદવ્યાસ અને ભિષ્મ પિતામહે તેને નિર્જળા એકાદશીનું વ્રત સૂચવતા કહ્યું કે તું આ વ્રત કરી લે તો તને બાકીની ૨૪ એકાદશીનાં વ્રતનું ફળ પણ મળશે. આ સાંભળી ભીમે વ્રત કરવાનો શુભારંભ કર્યો અને માટે જ આ એકાદશીને ભીમસેની એકાદશી તરીકે પણ ઓળખવામાં આવે છે.

નિર્જળા એકાદશીનું આ વ્રત સૂર્યોદયથી સૂયાતના સમય સુધી નિરાહાર અને નિર્જળ કરીને કરવામાં આવે છે. આ વ્રતમાં પાણી પીવાનું વર્જિત ગણાયું છે. માટે તેને નિર્જળા એકાદશી તરીકે ઓળખવામાં આવે છે. આ વ્રત મન પરનો સંયમ શીખવે છે તેમજ શરીરને નવી ઊર્જા પ્રદાન કરે છે. કહેવાય છે કે નિર્જળા એકાદશીનું વ્રત કરવાથી આરોગ્યની વૃદ્ધિ થાય છે અને ઉત્તમ લોકની પ્રાપ્તિ થાય છે.

**આ વખતે નિર્જળા એકાદશી તારીખ : ૧૮-૬-૨૦૨૪, મંગળવારના રોજ છે.**

## નિર્જળા એકાદશીની મંત્રસાધના કરવાની માહિતી

નિર્જળા એકાદશીના પાવન દિવસથી ભગવાન વિષ્ણુની આરાધના કરવા માટે આજે હું આપને ૯ દિવસની મંત્રસાધના આપી રહ્યો છું.

સૌપ્રથમ નીચે આપેલ મંત્ર ૯ (નવ) વખત કરવો. ત્યારબાદ ૐઋષિ રચિત શ્રીમદ્‌ ભાગવત્‌ ચાલીસાનો પાઠ એકવાર કરવો. શ્રીમદ્‌ ભાગવત્‌ ચાલીસાની પુસ્તિકા આપની પાસે ના હોય તો આપ ૐકાર સંપ્રદાય આશ્રમ પરથી નિઃશુલ્ક પ્રાપ્ત કરી શકશો.

**સાધના કેટલા દિવસ કરવી?** : આ સાધના ૯ દિવસ કરવી. વચ્ચે કોઈ કારણસર દિવસ પડે તો ચિંતા ન કરતા કુલ ૯ દિવસ ગણીને સાધના પૂર્ણ કરવી.

**સાધના કરવાનો સમય** : આખા દિવસમાં ગમે ત્યારે કરી શકાય.

**મંત્ર :**

**મંત્ર : ॥ ૐ સર્વાંતિ સર્વાંતિ વિષ્ણુદેવાય નમામિ નમઃ ॥**



# વટસાવિત્રી વ્રત

## આજના કળિયુગમાં સ્ત્રીએ શક્તિમાન અને સમૃદ્ધ બનવા તેમજ તેની મનોકામના પૂર્ણ થાય તે માટે વટસાવિત્રી વ્રત-મંત્રસાધના

વટસાવિત્રી વ્રત હિન્દુ પરંપરા અનુસાર હિન્દુ સ્ત્રીઓ પોતાના પતિની લાંબી ઉંમર માટે તેમજ સંતાનની પ્રાપ્તિ માટે ખૂબ જ આસ્થા અને શ્રદ્ધાથી આ વ્રત કરે છે. ભારતની આધ્યાત્મિક સંસ્કૃતિમાં આ વ્રત આદર્શ નારીના પ્રતિક સમાન સાબિત થઈ ચૂક્યું છે. આ વ્રતની તિથિને લઈને અલગ અલગ મત છે.

સ્કંદપુરાણ અને ભવિષ્યોત્તર પુરાણના પ્રમાણે જેઠ માસની પૂર્ણિમાના દિવસે આ વ્રત કરવાનું વિધાન છે.જ્યારે નિર્ણયામૃત વગેરે અનુસાર જેઠ માસની અમાસના દિવસે આ વ્રત કરવાનું કહેવામાં આવે છે. તિથિઓમાં ભલે ભિન્નતા ચોક્કસ છે પરંતુ આ વ્રતનું લક્ષ્ય એક જ છે, પોતાના પતિના સૌભાગ્યની વૃત્તિ અને પતિવ્રત ધર્મનું અને સંસ્કારોનું પાલન આ વ્રત કરીને સ્ત્રીઓ કરે છે.

ભગવાન વિષ્ણુના ઉપાસકો આ વ્રતને પૂનમના દિવસે કરવાનું વધારે હિતકર માને છે. વટસાવિત્રી વ્રતમાં ‘વટ’ અને ‘સાવિત્રી’ બંન્નેનું મહત્ત્વ ખૂબ માનવામાં આવ્યું છે. વટ એટલેકે વડનાં ઝાડનું મહત્ત્વ વિશેષ બતાવવામાં આવ્યું છે.પુરાણોમાં આ વાત સ્પષ્ટ છે કે વટના વૃક્ષમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ત્રણેયનો વાસ છે. વટવૃક્ષની નીચે બેસીને પૂજન, વ્રતકથા સાંભળવાથી મનોકામના પૂર્ણ થાય છે.

દાર્શનિક દૃષ્ટિએ જો એની સમીક્ષા કરીએ તો વટવૃક્ષ લાંબી ઉંમર અને અમરત્ત્વનાં ઉપદેશના પ્રતિક સમાન છે. વટવૃક્ષને જ્ઞાન અને નિર્માણનું પ્રતિક પણ કહેવામાં આવે છે કારણકે ભગવાન બુદ્ધને આ વૃક્ષની નીચે જ્ઞાન પ્રાપ્ત થયું હતું.

વટવૃક્ષનું પૂજન અને સાવિત્રી સત્યવાનની કથાના સ્મરણના કારણે આ વ્રત વટસાવિત્રીના નામે પ્રસિદ્ધ થયું. સાવિત્રીને ભારતીય સંસ્કૃતિમાં એક ઐતિહાસિક કીરદાર માનવામાં આવે છે. સાવિત્રીનો

જન્મ વિશિષ્ટ પરિસ્થિતિઓમાં થયો હતો. ઘટના એવી છે કે ભદ્ર દેશનાં રાજા અશ્વપતિને કોઇ સંતાન ન હતું. રાજાએ સંતાન પ્રાપ્તિ માટે મંત્રોચ્ચારની સાથે સાથે મહાયજ્ઞ કરી રોજની એક લાખ આહુતિ યજ્ઞમાં આપતા હતા. અઢાર વર્ષ સુધી આ ક્રમ ચાલુ રહ્યો ત્યારબાદ સાવિત્રીદેવીએ પ્રગટ થઇને રાજાને વરદાન આપ્યું અને કહ્યું કે રાજા તારા મહાયજ્ઞની ભક્તિથી હું ખૂબ ખુશ છું. તારા નસીબમાં સંતાન ન હતું પરંતુ મહાયજ્ઞમાં આપેલી તારી મનોકામનાની આહુતિથી જે પુણ્ય તને પ્રાપ્ત થયું છે તેના બદલે હું તને એક તેજસ્વી કન્યાનું વરદાન આપું છું.

દેવી સાવિત્રીની કૃપાથી જે દીકરીએ રાજાને ત્યાં જન્મ લીધો એ દીકરીનું નામ સાવિત્રી રાખવામાં આવ્યું. સાવિત્રી મોટી થઇ ત્યારે ખૂબ જ સ્વરૂપવાન હતી અને એના જેવો યોગ્ય વર સાવિત્રીને મળતો ન હતો માટે તેના પિતા રાજા અશ્વપતિ ખૂબ જ દુઃખી હતા. રાજાએ સ્વયં પુત્રી સાવિત્રીને પોતાના વરની શોધ માટે મોકલી. સાવિત્રી પોતાના વરની શોધમાં તપોવનમાં ભટકવા લાગી. ત્યાં તેને સાલ્વદેશનાં રાજા દ્યુમત્સેન મળ્યા કારણકે એમનું રાજ્ય દુશ્મનોએ પચાવી લીધું હતું. આ રાજાના પુત્ર સત્યવાનને જોઇને જ સાવિત્રીએ એમને પતિનાં રૂપમાં સ્વીકાર કરી લીધા. સાલ્વદેશ માટે એવું કહેવાય છે કે આ દેશ રાજસ્થાનનાં પૂર્વ ભાગમાં હતો. સત્યવાનનું આયુષ્ય અલ્પ હતું. સત્યવાન પોતે વેદનાં જ્ઞાતા હતા. સ્વયં નારદમુનિએ સાવિત્રીને મળીને સત્યવાન સાથે વિવાહ ન કરવાની સલાહ આપી હતી. પરંતુ સાવિત્રી સત્યવાનને પોતાના પતિ તરીકે મનોમન સ્વીકારી ચૂકી હતી.

પતિની મૃત્યુ તિથિ નજીક આવતી હતી ત્યારે સ્વયં જ્ઞાની નારદમુનિએ સાવિત્રીને એક દિવ્ય સાધના કરવાની સલાહ આપી. નારદમુનિ દ્વારા આપેલ દિવ્ય સાધના સાવિત્રીએ કરી અને યમરાજ પાસેથી પોતાના પતિ સત્યવાનનાં પ્રાણ પાછા લેતી આવી. આજના કળિયુગનાં સમય પ્રમાણે જ્યારે સ્ત્રી દરેક ઘરમાં આજે પોતાનું કાર્ય ઘર અને બહાર બંન્ને જગ્યાએ કરી નારી શક્તિનું જે પ્રબળ ઉદાહરણ સમાજને આપે છે એ દરેક સ્ત્રીઓ માટે પોતાની શક્તિ અને સામર્થ્યને ઉજાગર કરી પોતાની શક્તિનો વધુ ઉપયોગ કરી શકે તે માટે વટસાવિત્રીનું વ્રત દસ દિવસનું કરવા માટે આપને હું આપુ છું.

★ સૌપ્રથમ એક બાજઠ લઇ એના પર લીલા કલરનું વસ્ત્ર પાથરવું. ત્યારબાર નીચે આપેલા ચક્રને કટીંગ કરી લેમીનેશન કરાવી સ્થાપનમાં મુકવું. ત્યારબાદ બે ચપટી કંકુ મુકવું, લાલ દોરાનો ટુકડો મુકવો અને ઘઉંના નવ દાણા મુકવા.

★ ત્યારબાદ સાધના કરતી વખતે તેલનો દીવો કરવો.

### ૐ શ્રી વટસાવિત્રી રક્ષા ચક્ર

| | | |
|---|---|---|
| ।। ૐ त्रत्रमः ।। | ।। ૐ वत्रमः ।। | ।। ૐ कत्रमः ।। |
| ।। ૐ जत्रमः ।। | ।। ૐ मंत्रमः ।। | ।। ૐ शत्रमः ।। |
| ।। ૐ दत्रमः ।। | ।। ૐ रत्रमः ।। | ।। ૐ नत्रमः ।। |

સાધના કરતી વખતે નીચે આપેલો મંત્ર ૧૮ (અઢાર) વખત કરી ૐઋષિ રચિત શ્રી નવદુર્ગા ચાલીસાનો પાઠ એકવાર કરવો.

**મંત્ર : ॥ ૐ સાવિત્રી સિદ્ધમ્ સિદ્ધમ્ શક્તિલ્ય નમઃ ॥**

**સ્થાપન કરવાનો સમય :** તારીખ ૨૧ જૂન, ૨૦૨૪ - શુક્રવાર, વટસાવિત્રી વ્રતના દિવસે સવારે ૭ થી ૧૧ માં સ્થાપન કરવું.

**સાધના કરવાનો સમય :** આખા દિવસમાં કોઈપણ સમયે કરી શકાય.


**વસ્ત્ર કયા પહેરવા? :** સાધના કરતી વખતે કોઈપણ કલરના વસ્ત્ર પહેરી શકાય.

**વિસર્જન કરવાની રીત :** ૧૦ દિવસની સાધના પૂર્ણ થયા બાદ સ્થાપનમાં મુકેલ દરેક વસ્તુનું નદીમાં વિસર્જન કરી દેવું અને સ્થાપનમાં મુકેલ ચક્રને તિજોરીમાં કે કબાટમાં કે પૂજાના સ્થાનમાં મુકી દેવું જેથી આપને વર્ષ દરમિયાન ગમે ત્યારે ફરી સાધના કરવી હોય તો કરી શકાય.

**ખાસ નોંધ :**

(૧) આ સાધના આજના આ યુગમાં દરેક સ્ત્રી / જે યોગ્ય જીવનસાથી ઈચ્છતા હોય તે / ભણતી વિદ્યાર્થીનીઓ જ્ઞાનશક્તિ પ્રાપ્ત કરવા આ વ્રત કરી શકે છે. આ વ્રતસાધના દરેક સ્ત્રી અને છોકરીઓના જીવનમાં ખૂબ જ ઉત્તમ પરિણામ આપશે.

(૨) ઘરની દરેક સ્ત્રી તેમજ કુંવારિકાઓ જે કોઈપણ ધર્મ પાળતું હોય તે દરેક સ્ત્રી આ વ્રત કરી શકે છે.





મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ. પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામી વિરચિત

# શ્રી ચારધામ ચાલીસાનો પ્રાદુર્ભાવ

ગયા વર્ષની દિવાળી એટલેકે વર્ષ-૨૦૨૩ની દિવાળી પત્યા બાદ ૭૬ વર્ષની ઉંમર ધરાવતા લીલાબેન પટેલ મારા આશીર્વાદ માટે આવ્યા હતાં. મારી સામે બેસીને એમણે રડવાનું શરૂ કર્યું. લીલાબેન સાથે એમનો દીકરો પણ આવ્યો હતો. એણે લીલાબેનને શાંત રાખવાનો પ્રયત્ન કર્યો.

"લીલાબેન શું થાય છે? આપ કેમ રડો છો? આપ શાંત થઈ મને જણાવો." મેં લીલાબેનને એમના રુદનનું કારણ જણાવવા કહ્યું.

"ગુરુજી, મેં મારા જીવનમાં ખૂબ દુઃખ જોયું. પરંતુ હવે દીકરો આર્થિક રીતે સમૃદ્ધ થયો છે અને એ પણ આપના આશીર્વાદ થકી જ બન્યું છે. આપ તો જ્ઞાની છો. આપ મને એવો કોઈ મંત્ર અને શ્લોક આપો કે હું ઘરેબેઠાં ચારધામ યાત્રાનું પુણ્ય ફળ પ્રાપ્ત કરી શકું. મેં મારા જીવનમાં ચારધામ યાત્રા ક્યારેય પણ કરી નથી અને હવે મારી શારીરિક પરિસ્થિતિ પણ એવી છે કે હું ઘરમાં પણ માંડ-માંડ ચાલી શકું છું. શું હું ચારધામ યાત્રાના પુણ્ય ફળથી આ જીવનમાં વંચિત રહી જઈશ? આપ મને કોઈ એવો દિવ્યમંત્ર કે સાધના ના આપી શકો કે જેનાથી હું ઘરેબેઠાં ચારધામ યાત્રાનું પુણ્ય ફળ પ્રાપ્ત કરીશું?" લીલાબેને એમની રુદન કરવાની વ્યથા મને જણાવી.

લીલાબેનના આ સવાલનો જવાબ હું આપી શક્યો નહિ, કારણકે ચારધામ યાત્રા કર્યા વગર એનું પુણ્ય પ્રાપ્ત કરી શકાય એવું શક્ય કઈ રીતે બનાવવું? જે લોકો ચારધામ યાત્રા કોઈ કારણસર ના કરી શકે એ માટે કોઈ માર્ગ ખરો? આ સવાલો મારા મનમાં ઊભા થયા.

લીલાબેન મને દર અઠવાડિયે ફોન કરી પોતાનો આ સવાલ પૂછતાં રહ્યા. ૧૫ જાન્યુઆરી, ૨૦૨૪ ના રોજ હું ૐકાર ધ્યાનમાં બેઠો હતો ત્યારે મને અંતઃસ્ફુરણા થઈ કે ૐકારનું દિવ્ય ચૈતન્ય લીલાબેનને માધ્યમ બનાવી ચારધામ યાત્રાનું પુણ્ય ફળ ઘરેબેઠાં પણ પ્રાપ્ત થઈ શકે એવું કશુંક ચોક્કસ મને નિમિત્ત બનાવી કરાવવા માંગે છે અને માટે મેં ઓરાચક્રનું ગણિત મુક્યું.

લગભગ એક કલાકની ગણતરી બાદ હું સમજી શક્યો કે ચારધામની ભાવયાત્રા ઘરેબેઠાં ભક્ત કરે તો એને ચારધામની યાત્રાનું પુણ્યફળ મળે અને એ ભાવયાત્રા માટે દિવ્ય ચોપાઈઓની રચના કરવી પડે. ચોપાઈઓની રચના કરતા કરતા સાંઈઠ ચોપાઈઓની રચના થઈ. જેમાંથી મેં અણમોલ ચાલીસ ચોપાઈઓ લઈ અને શ્રી ચારધામ ચાલીસાની રચના કરી અને લીલાબેનને તેમજ સમસ્ત મનુષ્યજાતિને ભેટ ધરી છે.

શ્રી ચારધામ ચાલીસાની રચનાનો શ્રેય ૐકારના દિવ્ય ચૈતન્યને તો હું આપું જ છું, પરંતુ લીલાબેન પટેલ પણ એમાં નિમિત્ત બન્યા માટે શ્રી ચારધામ ચાલીસાની રચનાનો શ્રેય એમને પણ હું આપું છું. શ્રી ચારધામ ચાલીસા હવે યુગો-યુગો સુધી ભક્ત સમુદાય કરતો રહેશે અને એનું પુણ્ય પ્રાપ્ત કરી પોતાના મોક્ષનો માર્ગ પ્રશસ્ત બનાવશે એવું હું દૃઢપણે માનું છું.

ૐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)



ૐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ. પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી
વિરચિત

# શ્રી ચારધામ ચાલીસા













# શ્રી ચારધામ ચાલીસા

## સાખી

ચારધામ કી યાત્રા, કરેંગે જો નર - નાર ।
ૐઋષિ કા હૈ વચન - હોંગે વે ભવપાર ॥

કાલિંદ પર્વત પર યમુનોત્રી, યાત્રા યહીંસે આરંભ હોતી ॥૧॥
યમુનાકા યહ ઉદ્‌ગમ સ્થલ હૈ, ઠંડા ઔર ગર્મ ભી જલ હૈ ॥૨॥
તપ કિયા યહાં અસિત મુનિને, સિદ્ધિ પાઈ યમુનોત્રીમેં ॥૩॥
પાવન હૈ યમુનાકા મંદિર, દર્શન કરકે મન હોતા સ્થિર ॥૪॥
યાત્રા ઈસકી અતિ દુર્લભ હૈ, ગુરુકૃપાસે હોતી સુલભ હૈ ॥૫॥
સુન લો યમુનાકી મહિમા તુમ, સૂર્ય પિતા ઔર ભાઈ હૈ યમ ॥૬॥
ભાઈ યમને ભૈયાદૂજકો, વચન દિયા ભગિની યમુનાકો ॥૭॥
જો યમુનામેં ડૂબકી લગાએ, મોક્ષ પાએ - યમલોક ન જાએ ॥૮॥
યમુનોત્રીમેં દિવ્ય શિલા હૈ, જિસને પૂજા - પુણ્ય મિલા હૈ ॥૯॥
યમુનોત્રીકે જલમેં હૈ શક્તિ, યમકે ભયસે દે દે મુક્તિ ॥૧૦॥
દૂસરી યાત્રા ગંગોત્રીકી, શ્રદ્ધા બઢાએ જો યાત્રીકી ॥૧૧॥
ઉદ્‌ગમ સ્થલ ગંગાકા જહાં હૈ, નામ ભાગીરથી યહાં હૈ ॥૧૨॥
આકર મિલે અલકનંદા જબ, કહલાતી હૈ યહ ગંગા તબ ॥૧૩॥



॥ ૐ નમઃ ॥

ઋષિકેશ - હરિદ્વારસે બહકર, કાશીમેં શિવચરનકો ધોકર ॥૧૪॥
ગંગા ગંગોત્રીસે નિકલકર, અંતમેં પહુંચે ગંગાસાગર ॥૧૫॥
ગંગા હૈ શુભ - મંગલકારી, હિંદૂધર્મમેં મહિમા ભારી ॥૧૬॥
રાજા ભગીરથ સ્વર્ગસે લાએ, પૂર્વજકો મુક્તિ દિલવાએ ॥૧૭॥
ગંગાકા મંદિર મનભાવન, દર્શન કરકે શાંત બને મન ॥૧૮॥
ગંગાજલ હૈ યહાં અતિ શીતલ, ગંગોત્રીકી ધારા હૈ નિર્મલ ॥૧૯॥
પિતૃ તર્પણ કરે યહાં જો, જન્મ પુનઃ ના પાએ કભી વો ॥૨૦॥
યાત્રા તૃતીય કેદારનાથકી, વિશ્વ પ્રસિદ્ધ જ્યોતિર્લિંગકી ॥૨૧॥
યે હૈ યાત્રા કઠિન સુનોગે, સદ્ગુરુ આશિષસે પહુંચોગે ॥૨૨॥
ઊંચે હિમાલયમેં અતિ સુંદર, શંભુ વિરાજે કેદારેશ્વર ॥૨૩॥
દર્શન કરકે તૃપ્ત હો આત્મા, ભવબંધન કાટે પરમાત્મા ॥૨૪॥
ષોડશ પૂજા જ્યોતિર્લિંગકી, ઈચ્છા પૂર્ણ કરે ભક્તોંકી ॥૨૫॥
પાંડવ - દ્રૌપદી સ્વર્ગ ચલે જબ, બૈલકે રૂપમેં શિવજી મિલે તબ ॥૨૬॥
ભીમને પહચાના શિવજીકો, દૌડે શિવ તો - પકડી પીઠકો ॥૨૭॥
શિવ હૈં ઉસી સ્વરૂપમેં સ્થાપિત, અનત કોટિ ભક્તોંસે પૂજિત ॥૨૮॥
આદ્ય જગદ્ગુરુ શંકર આયે, મંદિરકા નિર્માણ કરાયે ॥૨૯॥
શ્રી કેદારધામ જો આયે, શિવકી કૃપા અસીમ વો પાયે ॥૩૦॥
યાત્રા ચારધામકી ચૌથી, બદ્રીનાથસે પૂરણ હોતી ॥૩૧॥
બદ્રી બસે અલકનંદા તટ, ઘેરે નર-નારાયણ પર્વત ॥૩૨॥
પંચ બદ્રીમેં પંચમ હૈ, બદ્રીવિશાલ યે ઉત્તમ હૈ ॥૩૩॥
રૂપ અનેક ધરે નારાયણ, પ્રકટે યહાં બદ્રીનારાયણ ॥૩૪॥
રામેશ્વર, પુરી, દ્વારિકા નામ હૈ, બદ્રી સહિત યે પૂર્ણધામ હૈં ॥૩૫॥
બદ્રીકી મહિમા હૈ અનન્યા, નર - નારાયણને કી તપસ્યા ॥૩૬॥
દેવી લક્ષ્મી હુઈ બદ્રી (બેર) જબ, બદ્રિકાશ્રમ નામ પડા તબ ॥૩૭॥
આદિ જગદ્ગુરુ શંકરને, મૂર્તિ નિકાલી નારદકુંડસે ॥૩૮॥
શાલિગ્રામકી વિષ્ણુમૂર્તિ, ભક્તોંકી સુધ-બુધ હૈ હરતી ॥૩૯॥
શાસ્ત્ર કહે વો ધામ હૈ બદ્રી, દર્શનમાત્રસે દેતા મુક્તિ ॥૪૦॥

સાખી

ચારધામ ચાલીસાકા, નિત્ય કરે જો પાઠ ।
"ૐ ઋષિ" આશિષ દે, ખુલે દુઃખોંકી ગાંઠ ॥

(ઈતિશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામી વિરચિત શ્રી ચારધામ ચાલીસા સંપૂર્ણમ્)

સદ્‌ગુરુ ૐઋષિ અને પવિત્ર શબ્દ

# સદ્‌ગુરુ ૐઋષિ રચિત પવિત્ર શબ્દોથી આ મહિનાના રોજેરોજના કાર્યમાં સફળતાની ગુરૂચાવી

| તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|
| ૨૧-૦૫-૨૪ | મંગળવાર | ૐ સૂર્યવિદન્ત્યદેવ |
| ૨૨-૦૫-૨૪ | બુધવાર | ૐ લક્ષ્મીત્ય |
| ૨૩-૦૫-૨૪ | ગુરુવાર | ૐ ધનકુબેર |
| ૨૪-૦૫-૨૪ | શુક્રવાર | ૐ મહાલક્ષ્મીદેવી |
| ૨૫-૦૫-૨૪ | શનિવાર | ૐ ગજલક્ષ્મીદેવી |
| ૨૬-૦૫-૨૪ | રવિવાર | ૐ સૂર્યલક્ષ્મીદેવી |
| ૨૭-૦૫-૨૪ | સોમવાર | ૐ કેતુલક્ષ્મીદેવી |
| ૨૮-૦૫-૨૪ | મંગળવાર | ૐ રાહુલક્ષ્મીદેવી |
| ૨૯-૦૫-૨૪ | બુધવાર | ૐ ગુરૂલક્ષ્મીદેવી |
| ૩૦-૦૫-૨૪ | ગુરુવાર | ૐ શનિલક્ષ્મીદેવી |
| ૩૧-૦૫-૨૪ | શુક્રવાર | ૐ શુક્રલક્ષ્મીદેવી |
| ૦૧-૦૬-૨૪ | શનિવાર | ૐ ચંદ્રલક્ષ્મીદેવી |
| ૦૨-૦૬-૨૪ | રવિવાર | ૐ બુધલક્ષ્મીદેવી |
| ૦૩-૦૬-૨૪ | સોમવાર | ૐ મંગલલક્ષ્મીદેવી |
| ૦૪-૦૬-૨૪ | મંગળવાર | ૐ બદ્રીનારાયણ |
| ૦૫-૦૬-૨૪ | બુધવાર | ૐ કેદારેશ્વર |

| તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|
| ૦૬-૦૬-૨૪ | ગુરુવાર | ૐ ક્ષેત્રપાળવીર |
| ૦૭-૦૬-૨૪ | શુક્રવાર | ૐ શુભલક્ષ્મીદેવી |
| ૦૮-૦૬-૨૪ | શનિવાર | ૐ અષ્ટલક્ષ્મીદેવી |
| ૦૯-૦૬-૨૪ | રવિવાર | ૐ સૂર્યામ |
| ૧૦-૦૬-૨૪ | સોમવાર | ૐ બટુકભૈરવ |
| ૧૧-૦૬-૨૪ | મંગળવાર | ૐ દુર્ગેશ્વરીદેવી |
| ૧૨-૦૬-૨૪ | બુધવાર | ૐ ચક્રેશ્વરીદેવી |
| ૧૩-૦૬-૨૪ | ગુરુવાર | ૐ પદ્માવતીદેવી |
| ૧૪-૦૬-૨૪ | શુક્રવાર | ૐ ત્રિપુરાસુંદરીદેવી |
| ૧૫-૦૬-૨૪ | શનિવાર | ૐ શિવોહમ |
| ૧૬-૦૬-૨૪ | રવિવાર | ૐ નમઃ |
| ૧૭-૦૬-૨૪ | સોમવાર | ૐ ધનસ્ય |
| ૧૮-૦૬-૨૪ | મંગળવાર | ૐ કાર્યમ |
| ૧૯-૦૬-૨૪ | બુધવાર | ૐ પ્રવલ્ય |
| ૨૦-૦૬-૨૪ | ગુરુવાર | ૐ ધનસિદ્ધા |
| | | |

## • સટીક પ્રયોગ •

## વિશ્વ કલ્યાણ સંકલ્પ

આપ આપના જીવનમાં વિશ્વના કલ્યાણ માટેનો સંકલ્પ કરશો તો કુદરત તમને તમારા કલ્યાણનો માર્ગ બતાવશે અને એટલે જ હું આજે આપને જગત કલ્યાણ માટેનો દિવ્ય મંત્ર આપી રહ્યો છું. આ મંત્ર દરેક મનુષ્યએ વિશ્વકલ્યાણ માટે દિવસમાં ત્રણ વખત કરવો.

**મંત્ર : ॥ ૐ વિશ્રામ વિશ્રામ શાંતિત્ય સૂર્યવિદન્ત્યદેવ નમામિ નમઃ ॥**

# પ્રોફેશનલ વ્યક્તિઓ માટે, છૂટક વસ્તુના વેપારી માટે, ઉત્પાદક માટે, જથ્થાબંધ માલના વેપારી માટે, નોકરિયાત માટે અને વિદ્યાર્થી માટે

**પ્રોફેશનલ વ્યક્તિઓ માટે :** આ મહિના દરમિયાન લાલ કપડામાં બદામનો એક દાણો અને એક ચપટી મીઠુ મુકી તેની પોટલી બનાવી જ્યારે કામ માટે કે ઓફિસ જાઓ ત્યારે ખિસ્સામાં રાખીને જવું અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરીને જવું. આ પ્રક્રિયાથી આપના કાર્યમાં વિઘ્ન આવશે નહિ અને કાર્ય સફળ થશે.

**છૂટક વસ્તુના વેપારી માટે :** રીટેલરનો ધંધો કરતા વ્યક્તિઓએ આ મહિને ચોખાના બે દાણા અને એક ચપટી મીઠુ લીલા કલરના કપડામાં બાંધી દુકાનનાં કેશ કાઉન્ટરમાં મુકી રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપના ધંધામાં ચમત્કારિક ફાયદો થશે.

**ઉત્પાદક માટે :** ઉત્પાદનનાં કાર્ય સાથે સંકળાયેલ વ્યક્તિઓએ આ મહિને ઘઉંના બે દાણા અને ચપટી મીઠુ વાદળી કપડામાં બાંધી કેશ કાઉન્ટરમાં મુકી દેવો અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આ પોટલી બદલવાની નથી. આખો મહિનો એ જ જગ્યાએ રાખવાની છે. જેનાથી આપના ઉત્પાદનનાં કાર્યમાં સફળતા મળશે અને ધંધામાં ચમત્કારિક પ્રગતિ થશે.

**જથ્થાબંધ માલના વેપારી માટે :** હોલસેલના ધંધા સાથે સંકળાયેલા વ્યક્તિઓએ આ મહિના દરમ્યાન મગના બે દાણા અને એક ચપટી મીઠુ લીલા કપડામાં બાંધી દુકાનનાં કેશ કાઉન્ટરમાં અથવા તો પોતાના ખીસ્સામાં રાખવા અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આમ આ પ્રક્રિયા નિયમિત કરવાથી આપના હોલસેલનાં ધંધામાં વધારો થશે.

**નોકરિયાત માટે :** નોકરી કરતા વ્યક્તિઓએ આસમાની કલરના કપડામાં વાલના બે દાણા અને એક ચપટી મીઠુ બાંધી જ્યારે નોકરીએ જાઓ ત્યારે એ પોતાની ઓફિસ બેગમાં અથવા ઓફિસના ખાનામાં રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. મહિના સુધી આ જ પોટલી રાખવાની છે, રોજ નવી બનાવવાની નથી. આ પ્રક્રિયાથી નોકરીમાં આપના ઈચ્છિત કાર્યની સિદ્ધિ થશે.

**વિદ્યાર્થી માટે :** વિદ્યાર્થીઓએ લવીંગના બે દાણા અને એક ચપટી મીઠુ સફેદ કપડામાં મુકી તેની પોટલી બનાવી પોતાના ભણવાની બેગમાં અથવા તો દફતરમાં આ મહિના દરમ્યાન રાખી મુકવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપનું ભણવામાં ધ્યાન કેન્દ્રિત થશે અને સફળતાની પ્રાપ્તિ થશે.

ઉપર આપેલ પ્રક્રિયા દરેક જણે ૩૦ દિવસ સુધી નિયમિત કરવી. ૩૦ દિવસ પછી નવા અંકમાં નવી પ્રક્રિયા આપવામાં આવશે. પછી એ નવી પ્રક્રિયા ચાલુ કરવી અને જૂની પ્રક્રિયા બંધ કરી દેવી. આ રીતે બાર મહિના સુધી અલગ-અલગ પ્રક્રિયા કરવાથી આપના કાર્યને વધુ ઝડપ મળશે તથા નામના, માન, કીર્તિ અને પ્રતિષ્ઠામાં વધારો થશે.

**✦ ખાસ નોંધ ✦**

જે પ્રક્રિયાથી આપને સફળતા મળે એ પ્રક્રિયા કાયમ ચાલુ રાખી શકાય અને જોડે નવી પ્રક્રિયા પણ કરી શકાય.

## સદ્‌ગુરુ ૐઋષિ અને દિવ્ય કળશ



# સફળતાના શિખરો સર કરવા નીચેનો પ્રયોગ અચૂક કરો.

# દિવ્ય શક્તિ સિદ્ધ કળશ


ઉપર દર્શાવેલ **સર્વતાસિદ્ધ ઉદ્‌વાગ (કળશ)** જે સિદ્ધ જડીબુટ્ટીઓ અને વસ્તુઓથી સજ્જ કરવામાં આવેલ છે. આ કળશનો કોઈ પણ મનોકામનાની પૂર્તિ માટે આપ ઉપયોગ કરી શકો છો. આ મંત્રશક્તિવાળો ઉદ્‌વાગ (કળશ) આપે કોઈ પણ જગ્યાએ જમીનમાં દાટી દેવો. ઉદ્‌વાગ (કળશ) એક વાર દાટી દીધા પછી ક્યારેય બહાર કાઢવો નહિ. કાયમ માટે દાટેલો જ રાખવાનો છે. જેનાથી આપ આ નવા વર્ષમાં સફળતાના શિખર અચૂક સર કરી શકશો. આ મંત્રસિદ્ધ ઉદ્‌વાગ (કળશ) આપ પ્રાપ્ત કરવા ઈચ્છતા હો તો આશ્રમ પરથી ઉપલબ્ધ થઈ શકશે.

નકરો રૂા.૬૫૧/- (છસ્સો એકાવન રૂપિયા) રાખેલ છે. જે દિવ્યાંગોના સેવાકાર્યમાં ઉપયોગમાં લેવામાં આવશે.

## સદ્‌ગુરુ ૐઋષિ અને દિવ્ય ઉપાય

ગાયત્રી જયંતી ૨૦૨૪ થી ૨૦૨૫ સુધી માતા ગાયત્રીની કૃપા પ્રાપ્ત કરવા માટે

### ૐ શ્રી ગાયત્રી ઊર્જા કૃપા ચક્ર

| | | | | |
|---|---|---|---|---|
| ॥ ૐ म्: ॥ | ॥ ૐत्रीत्रा: ॥ | ॥ ૐ वात्रिक: ॥ | ॥ ૐ कावित्र: ॥ | ॥ ૐ विश्वामित्र: ॥ |
| ॥ ૐ गायत्रीदेवी: ॥ | ॥ ૐ देवस्या: ॥ | ॥ ૐ ईन्द्रदेव: ॥ | ॥ ૐ ईन्द्रलोक: ॥ | ॥ ૐ वसिष्ठ: ॥ |
| ॥ ૐ विश्वामित्र: ॥ | ॥ ૐ चारवाकीता: ॥ |  | ॥ ૐ नाविन्य:॥ | ॥ ૐ दीधात: ॥ |
| ॥ ૐ प्रगल्य: ॥ | ॥ ૐ त्रबल्य: ॥ | ॥ ૐ शबल्य: ॥ | ॥ ૐ जबल्य: ॥ | ॥ ૐ धनल्य: ॥ |
| ॥ ૐ कनल्य: ॥ | ॥ ૐ वनल्य: ॥ | ॥ ૐ शलल्य: ॥ | ॥ ૐ त्रशल्य: ॥ | ॥ ૐ ददल्य: ॥ |

ઉપર આપેલ ૐ શ્રી ગાયત્રી ઊર્જા કૃપા ચક્રનું કટીંગ કરી લેમીનેશન કરી લેવું. ત્યારબાદ ગાયત્રી જયંતી ૨૦૨૪ થી ૨૦૨૫ સુધી રોજ ૨૦ સેકન્ડ સુધી આ ચક્રને જોવું. ચક્ર સામે નિરિક્ષણ (જોતી) કરતી વખતે ગાયત્રી માતાની અસીમ કૃપા આપના પર વરસે એવી મનોકામના કરવી.



॥ ૐ નમઃ ॥



# સાડાસાતીના દોષમાંથી મુક્તિ પ્રાપ્ત કરવા શનિજયંતિના પાવન દિવસથી કરવા માટે ચમત્કારિક મંત્રગુરૂચાવી

## મંત્ર : ॥ ૐ શ્રી શનિત્યાની શનિત્યાની રક્ષાતિ નમઃ ॥


### ૐ શ્રી શનિદેવ રક્ષા ચક્ર


| | | |
|---|---|---|
| ।। ॐ शनिला: ।। | ।। ॐ शनिदा:।। | ।। ॐ शनिका:।। |
| ।। ॐ शनिजा:।। | ।। ॐ शनिभा:।। | ।। ॐ शनित्रा:।। |
| ।।ॐ शनिशा:।। | ।। ॐ शनिपा:।। | ।। ॐ शनिरा:।। |

### ૐ શ્રી શનિદેવ ઊર્જા શક્તિ ચક્ર


| | | |
|---|---|---|
| ।।६६६ ।। | ।।५५५।। | ।।७७७।। |
| ।।९९९।। | ।।४४४।। | ।।७७७।। |
| ।।८८८।। | ।।१११।। | ।।२२२।। |

### ૐ શ્રી શનિદેવ દિવ્ય દર્શન ચક્ર









(અહીં આપના જમણા હાથનો અંગૂઠો મુકવો)

સૌપ્રથમ આ પેજને કાપીને લેમીનેશન કરાવી દેવું. ત્યારબાદ ઉપર આપેલ અંગૂઠાના નિશાન ઉપર આપના જમણા હાથનો અંગૂઠો મુકી ઉપર આપેલ મંત્ર ૩ વખત કરી એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આ પ્રક્રિયા એક વર્ષ સુધી કરવી.

॥ ૐ નમઃ ॥

# કેનેડામાં મારું ઘર લેવાઇ ગયું

૨૦૧૬ માં જ્યારે હું પૂજ્ય ગુરુજીના આશીર્વાદથી કેનેડા આવ્યો હતો ત્યારે અમદાવાદમાં અમે બે બેડરૂમ, હોલ, કીચનના નાના ઘરમાં રહેતા હતાં. વર્ષો જૂના એ ઘરમાંથી હું કેનેડા આવ્યો ત્યારે મારા માતા-પિતાએ એમની બધી જ મૂડી ભેગી કરીને મને કેનેડા ભણવા માટે અને સ્થિર થવા માટે મોકલ્યો હતો. મારું ભવિષ્ય ઉજ્જવળ બને અને એમણે જે મુસીબતો અને સંઘર્ષ જીવનમાં જોયા છે એવા મારે ના જોવા પડે માટે મને પોતાના ઘડપણની બધી જ રકમ આપીને કેનેડા મોકલ્યો. મેં કેનેડામાં ભણવાનું પૂરું કર્યું. હું રોજ ગુરુજીએ આપેલો મંત્ર અને ૐકાર ચાલીસા નિયમિત રીતે કરતો હતો અને આજે પણ કરું છું.

મારું ભણવાનું પૂરું થયું. ૨૦૧૬ થી સતત સંઘર્ષ અને મહેનત સાથે મેં ભણતર પૂરું કર્યું ત્યારબાદ મને મારા ફીલ્ડની નોકરી મળી અને એ પછી ૨૦૨૩ માં પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદથી મારો પોતાનો કેનેડામાં ત્રણ બેડરૂમ, હોલ, કીચન ધરાવતો એક વિલા થઈ ગયો.

અમદાવાદમાં ત્રીસ વર્ષ જૂના ફ્લેટમાં રહેતો છોકરો કેનેડાની અંદર ત્રણ બેડરૂમ, હોલ, કીચનનો વિલા વસાવે અને સ્થિર નોકરી તેમજ માતા-પિતાને કેનેડા બોલાવી રાખી શકે, એમની સેવા કરી શકે એવો પુત્ર ગુરુજીએ મને બનાવ્યો. મારા જીવનમાં મને જે કંઇપણ સફળતા મળી છે એનો શ્રેય હું સંપૂર્ણપણે ગુરુજીને એટલા માટે આપું છું કે જે સમયે અમદાવાદથી મારા મા-બાપને અને મને સમજાવીને કેનેડા મોકલ્યો ત્યારે અમારા માટે આ બધું એક સ્વપ્ન જેવું હતું પણ મારા જીવનમાં આ બધું જ ગુરુજીના આશીર્વાદથી જ શક્ય બન્યું છે. ૐકાર ચાલીસા મારી સમજ પ્રમાણે આજના કળિયુગની સર્વશ્રેષ્ઠ અને ચમત્કારિક રચના છે જે ગુરુજીએ કરી છે. પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદ મારા પર આવી જ રીતે રહે એવા એમના ચરણોમાં પ્રાર્થના.

લી. યશ (કેનેડા)

**આપ પણ આપના જીવનમાં આર્થિક પ્રગતિ કરવા ઇચ્છતા હોય તો યુ-ટ્યુબ પર સદ્ગુરુ ૐઋષિ ચેનલ પર દર પૂનમે આપવામાં આવતો આર્થિક પ્રગતિ માટેનો ચમત્કારિક મંત્રશક્તિપાત સાંભળવો તેમજ ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનું પઠન અને લેખન પૂરા મન અને શ્રદ્ધાથી કરવું.**

# શારીરિક પીડા સંપૂર્ણપણે દૂર થઇ

મને હાથમાં અને પગમાં ખૂબ જ પીડા થતી હતી. મારા પતિના કહેવાથી મેં પરમ પૂજ્ય ગુરુજી દ્વારા યુ-ટ્યુબ પર સદ્ગુરુ ૐઋષિ ચેનલ પર પૂનમ થી પૂનમ સુધી આપવામાં આવતો દિવ્ય મંત્રશક્તિપાત શારીરિક અને માનસિક કષ્ટનિવારણ માટેનો સાંભળવાનું શરૂ કર્યું. હું રોજ રાત્રે ૯ થી ૧૧ માં શારીરિક કષ્ટ નિવારણ માટેનો મંત્રશક્તિપાત બે થી ત્રણ વાર સાંભળતી હતી. બે-ત્રણ દિવસ સુધી કંઇ ખાસ ફરક ના જણાયો. પરંતુ ધીમે-ધીમે મેં રોજ સવાર-સાંજ મંત્રશક્તિપાત સાંભળવાનો શરૂ કર્યો અને લગભગ પંદર દિવસમાં મેં પીડામાં રાહત થતી અનુભવી. રોજ મારે દુઃખાવાની દવા લેવા પડતી હતી એની જગ્યાએ ચાર-પાંચ દિવસે દુઃખાવાની દવા લેવી પડે એવી પરિસ્થિતિનું નિર્માણ થયું.

મેં ધીમે-ધીમે દુઃખાવામાં રાહત થવાથી થોડું ચાલવાનું અને ઘરનું નાનું-નાનું કામ કરવાનું ફરી બે વર્ષ બાદ શરૂ કર્યું. આપને કહેતા પણ મને નવાઇ લાગે છે પરંતુ છેલ્લા છ મહિનાથી હું આ મંત્રશક્તિપાત સાંભળું છું ત્યારથી મારી પીડા પૂર્ણપણે દૂર થઇ ગઇ છે. મારે મહિને જ્યારે ક્યાંક બહાર જવું હોય અને ચાલવાનું થાય ત્યારે જ દુઃખાવાની દવા લેવી પડે છે. સવારે ઉઠતા મારા હાથ-પગ જે પહેલા જકડાઇ જતા હતાં એ જકડાઇ જતા નથી અને દુઃખતા પણ નથી અને દિવસભર શાંતિથી મારું કાર્ય કરી શકું છું.

આપને કદાચ લાગે કે આમાં શું મોટી વાત થઇ, પરંતુ સાવ પરવશ થઇને જે જિંદગી હું બે વર્ષથી પસાર કરી રહી હતી એના બદલામાં હું મારા પગ પર પાછી ઊભી થઇને મારી દિનચર્યા નિયમિત કરી શકું છું અને સાથે સાથે ઘરને પણ સંભાળી શકું છું, એ પણ ૬૫ વર્ષની ઉંમરે. આ બધું ગુરુજીના આશીર્વાદથી જ શક્ય બન્યું છે. ગુરુજીના ચરણોમાં મારા દંડવત નમન....

લી. દર્શનાબેન (મુંબઇ)

**આપ પણ આપના જીવનમાં આવી તકલીફથી ગ્રસ્ત હોય તો યુ-ટ્યુબ પર સદ્ગુરુ ૐઋષિ ચેનલ પર દર પૂનમે આપવામાં આવતો શારીરિક કષ્ટનિવારણ માટેનો ચમત્કારિક મંત્રશક્તિપાત અવશ્ય સાંભળો.**

# ચૈત્રી નવરાત્રિના મંત્રશક્તિપાતથી દિવ્ય અનુભવ થયો

હું પરમ પૂજ્ય ગુરુજીએ આપેલા નવરાત્રિના મંત્રશક્તિપાત આખું વર્ષ નિયમિત રીતે સાંભળું છું. ચૈત્રી નવરાત્રિ-૨૦૨૪માં પરમ પૂજ્ય ગુરુજીએ એક મંત્રશક્તિપાત આપ્યો અને એ મંત્રશક્તિપાત મેં આખી નવરાત્રિ દરમ્યાન દિવસમાં પાંચ થી છ વાર સાંભળતો હતો અને ધ્યાનમાં બેસતો હતો.

હું માતા દુર્ગાનો આપેલો મંત્ર વર્ષોથી નિયમિત કરું છું તેમજ પ.પૂ. ગુરુજીએ આપેલા નવરાત્રિના મંત્રશક્તિપાત નિયમિત રીતે વર્ષોથી સાંભળું છું. પરંતુ આ વખતે આપેલ મંત્રશક્તિપાત દિવસમાં પાંચ થી છ વાર સાંભળવાથી શરીરમાં એક અદ્‌ભૂત દિવ્ય ઊર્જાની અનુભૂતિ થઈ હોય એવું મેં પહેલા દિવસે અનુભવ્યું. બીજા ત્રીજા દિવસની અનુભૂતિ એ હું કહી શકું કે મેં પૂર્ણપણે અનુભવી. નવરાત્રિના આઠમા નોરતે રાતના સાડા અગિયારની આસપાસ મંત્રશક્તિપાતનું વારંવાર શ્રવણ કરી રહ્યો હતો એ વખતે માતા દુર્ગાની પ્રતિકૃતિ દેખાઈ અને ઢોલ-નગારાનો અવાજ સંભળાયો. મેં આંખ ખોલીને મારા ધ્યાનકક્ષમાં જ્યાં હું સાધના માટે બેસું છું ત્યાં જોયું તો માતા દુર્ગાની પૂર્ણ આકૃતિ લગભગ દસ મિનિટ સુધી દિવાલ ઉપર મેં દેખી. મારા રોમેરોમમાં એક નવી જ શક્તિ પ્રગટી હોય એવી અનુભૂતિ મેં કરી. ત્યારબાદ ગુરુજી પાસે મારા આજ્ઞાચક્ર પર મંત્રશક્તિપાત એમના અંગૂઠાથી ગ્રહણ કર્યો.

આ ચૈત્રી નવરાત્રિથી મારું જીવન ઘણું બદલાઈ ગયું. હું સાધનામાં દસ મિનિટ પણ બેસું તો મને આખા દિવસની ઊર્જા અને એનર્જી મળી જાય. માતાની શક્તિનો મને અનુભવ રોજ દિવસમાં બે થી ત્રણ વાર પ્રત્યક્ષ રીતે થાય છે એવું કહું તો પણ ખોટું નથી. પ.પૂ. ગુરુજીના આશીર્વાદથી, શ્રી નવદુર્ગા ચાલીસાના નિયમિત પાઠથી અને મંત્રશક્તિપાતના શ્રવણથી મેં માતાના દિવ્ય દર્શનની ધન્યતા અનુભવી એવું હું માનું છું.

લી. દિનેશભાઈ (અમદાવાદ)

**આપ પણ આપના જીવનમાં માતા દુર્ગાની દિવ્ય કૃપા અને એમની તેજોમય ઊર્જાયુક્ત આકૃતિના દર્શન કરવા ઇચ્છતા હોય તો યુ-ટ્યુબ પર સદ્‌ગુરુ ૐઋષિ ચેનલ પર નવરાત્રિના આપવામાં ચમત્કારિક મંત્રશક્તિપાત સાંભળો તેમજ ૐઋષિ રચિત શ્રી નવદુર્ગા ચાલીસાનું પઠન અને અનુષ્ઠાન પૂરા મન અને શ્રદ્ધાથી કરો. આપને ચોક્કસ માતાજીના આશીર્વાદ પ્રાપ્ત થશે.**

# જાહેર આમંત્રણ


શ્રી ક્ષેત્રપાળ દાદા

## ચાલો ૐકારધામ તીર્થની ધન્ય ધરા ઉપર
## ૐકારધામ તીર્થની દસમી સાલગીરી
## નિમિત્તે


ૐકાર શ્રી જીરાઉલા પાર્શ્વનાથ ભગવાન

# ધજા મહોત્સવ



ૐકારધામ તીર્થની દસમી સાલગીરી નિમિત્તે ધજા મહોત્સવના ભવ્ય કાર્યનું આયોજન કરવામાં આવ્યું છે. આપ સૌ ભક્તજનો ને આ ધજા મહોત્સવ પ્રસંગમાં ઉપસ્થિત રહેવા માટે ભાવભર્યુ આમંત્રણ છે.

ૐકારધામ તીર્થની સાલગીરીના દિવસે આપ સૌ ભક્તોને આ પ્રસંગમાં ઉપસ્થિત રહેવા માટે ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ, પાલડી, અમદાવાદથી બસોની વ્યવસ્થા નિઃશુલ્ક ગોઠવવામાં આવી છે.

આપ આ પ્રસંગમાં બસ દ્વારા આવવા માંગતા હોય તો આપનું નામ અને મોબાઈલનંબર વહેલા તે પહેલાના ધોરણે નીચે આપેલા વોટ્સઅપ નંબર પર મોકલી આપવા નમ્ર વિનંતી છે.

**શુભ તારીખ**
૪-૬-૨૦૨૪, મંગળવાર
વૈશાખ વદ-૧૩

**નવકારશી (સવારનો નાસ્તો)**
સવારે ૭ થી ૮ કલાક સુધી

**ધજા મહોત્સવનો સમય**
સવારે ૮ થી ૧૧ કલાક સુધી

**મહાપ્રસાદ (બપોરનું ભોજન)**
સવારે ૧૧ થી
બપોરે ૧૨-૩૦ કલાક સુધી

**બસ ઉપડવાનો સ્થળ અને સમય**
સવારે ૪-૦૦ કલાકે
ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ,
અમદાવાદ




**શુભ સ્થળ**

## ૐકારધામ તીર્થ,




વિરમગામ-શંખેશ્વર હાઇવે, પાનવા ગામની બાજુમાં, પાનવા, શંખેશ્વર

9429208997

॥ ૐ નમઃ ॥

# જાહેર આમંત્રણ

**“દર્શન માત્ર સે મિટે કષ્ટ”**

**મંત્ર – દર્શન – ચમત્કાર**

**મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮**
**પ. પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીના**

# પૂનમ મહાદર્શન

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)



ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

**શુભ તારીખ**

**૨૩ મે, ૨૦૨૪ - ગુરુવાર**

**શુભ સમય**

**સવારે ૧૦ થી બપોરે ૨ કલાક સુધી**

**શુભ સ્થળ**

## અન્નપૂર્ણા હોલ,

**આંગીફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ**

**સંપર્ક સૂત્રઃ 9537220959, 9429208997**

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org

**RNI GUJGUJ/2015/65690**

Registered under Postal Registration No. AHD-C/64/2020-2022 valid up to 31st December-2022 issued by the SSPO’s Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month’ Date of Publication : 7th every month

Printed & Published by **KINJAL ASHOKKUMAR SHAH** on behalf of **'SEVA SAMARPAN FOUNDATION'** and Printed at Print Vision Pvt. Ltd., Print Vision House, Lane by jay Gujarat Fruit Center, Ambawadi Market, Ahmedabad - 380006 and published from 'Seva Samarpan Foundation', Gr. Floor, 001, Angi Flat, Opp. Annapurna Party Plot, New Vikas Gruh Road, Paldi, AHMEDABAD-380007. GUJARAT. Editor : **KINJAL ASHOKKUMAR SHAH**